सत्यमेव जयते

| | |
|---|---|
| GJJM090002292018 | કેસ દાખલ તારીખઃ ૨૭/૦૮/૨૦૧૮<br>કેસ નોંધ્યા તારીખઃ ૨૭/૦૮/૨૦૧૮<br>ઠરાવ જાહેર તારીખઃ ૧૫/૦૪/૨૦૨૬<br>અવધિઃ–૦૭ વર્ષ,૦૭ માસ,૧૯ દિવસ |

**<u>જોડીયાના મહેરબાન જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. જોડીયા</u>**

**આંક–**

**ફરીયાદીઃ–** શ્રી સરકાર

**વિરૂદ્ધ**

**આરોપીઃ–** (૧) રમેશ ઉર્ફે લાંબો કરશનભાઇ પઢીયાર
ઉ.વ.–૪૪, ધંધો–મજુરી,
રહે. પીઠડ ગામ, તા.જોડીયા, જી.જામનગર

(૨) મજીદ સીદીકભાઇ કમોરા**(એબેટ)**
ઉ.વ.–૩૨, ધંધો–મજુરી,
રહે. પીઠડ ગામ, તા.જોડીયા, જી.જામનગર

**ગુનોઃ–** ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી એન.કે.પરમાર
બચાવપક્ષ તરફે વિ.વકિલ શ્રી આર.બી.પંડ્યા

**<u>–:: ચુકાદો ::–</u>**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આરોપીઓએ તારીખ ૦૩/૦૮/૨૦૧૮ના રોજ કલાક ૦૭/૦૦ ના રોજ આ કામના ફરીયાદીની અમદાવાદ ખાતે આવેલ ઈલેક્ટ્રોનિક્સ શો–રૂમમાંથી હીટાચી કંપનીના ૧.૫ ટનના ૩ સ્ટાર ઈન્વર્ટર એ.સી. નંગ–૨ તથા એલ.જી. કંપનીના ૩૨ ઈંચના એલ.ઈ.ડી. ટી.વી. નંગ–૨ તથા વિડિયોકોન કંપનીના રેફ્રીજરેટર નંગ–૨ મળીને કુલ કિ.રૂ.૧,૭૯,૪૦/– નો માલ ફોન પર મંગાવી ફરીયાદીએ ઉપરોક્ત માલની ડિલીવરી આપી દીધેલ હોવા છતાં ફરીયાદીને તેનું પેમેન્ટ નહી આપી ફોન પર ભુંડાબોલી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ. જે બાબતે જોડીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદીએ ફરીયાદ આપતા તે જોડીયા પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજી. નં. ૧૫/૨૦૧૮થી નોંધી તપાસ કરનાર અમલદારે આ ગુનાની તપાસ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, આરોપીઓ સામે પુરતો પુરાવો જણાઈ આવતા આરોપીઓ વિરૂદ્ધ મથાળે દર્શાવેલ ગુના સબબ અત્રેની અદાલતમાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલુ.

**(૨)** આ કામે આરોપીઓને પ્રોસેસની બજવણી થતા, આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતાં આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ આપવામાં આવેલ. આરોપીઓ સામે આંક–૩૨ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તેઓની સામે ફરમાવેલ તહોમત અંગે આરોપીઓની આંક–૩૩ અને આંક–૩૪ થી પ્લી નોંધવામાં આવેલ. જેમાં આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ, જેથી આ કામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ કાર્યવાહી દરમ્યાન આરોપી નંબર–૨ મરણ ગયેલ હોઈ, આરોપી નંબર–૨ સામેનો કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છેઃ–

**<u>–: મૌખિક તથા દસ્તાવેજી પુરાવા :–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ છેણાભાઇ મચ્છાભાઇ વરૂની જુબાની | ૩૯ |
| ૨ | આરોપી રમેશ કરશન પઢીયારનું અટક પંચનામું | ૪૦ |
| ૩ | પંચ સાહેદ નુરેઇલાહી જુસબ બુચડની જુબાની | ૪૧ |
| ૪ | રીક્વરી પંચનામું | ૪૨ |
| ૫ | પંચ સાહેદ ઇસમાઇલ ફારૂક રારાણીની જુબાની | ૪૫ |
| ૬ | મુદ્દામાલ રીક્વરી પંચનામું | ૪૬ |
| ૭ | પંચ સાહેદ હુશેન ઇબ્રાહીમ નાંધીયાની જુબાની | ૬૦ |
| ૮ | પંચ સાહેદ રજાક ઇબ્રાહીમ નાંધીયાની જુબાની | ૬૧ |
| ૯ | પંચ સાહેદ રજાક ઇબ્રાહીમ નાંધીયાની જુબાની | ૬૨ |
| ૧૦ | પંચ સાહેદ હાસમભાઇ મહમદઆરીફ સેડાતની જુબાની | ૭૦ |
| ૧૧ | આરીપી મજીદ સીદીકભાઇ કમોરાની અટકનું પંચનામું | ૭૧ |
| ૧૨ | પંચ સાહેદ વીનુભાઇ મનજીભાઇ સોલંકીની જુબાની | ૭૨ |
| ૧૩ | મુદ્દામાલ રીક્વરીનું પંચનામું | ૭૩ |
| ૧૪ | પંચ સાહેદ બાબુભાઇ વીરજીભાઇ કાસુન્દ્રાની જુબાની | ૭૪ |
| ૧૫ | પંચ સાહેદ મહેશભાઇ દેવાભાઇ વકાતરની જુબાની | ૭૮ |
| ૧૬ | ત.ક.અ. ધનુભા ચનુભા જાડેજાનાઓની જુબાની | ૮૭ |
| ૧૭ | ફરીયાદી બંટીભાઇ કનૈયાલાલ સંગતાનીનાઓની જુબાની | ૯૬ |
| ૧૮ | ફરીયાદ | ૯૭ |

આ કામમાં ફરીયાદપક્ષે ઉપરોક્ત પુરાવા બાદ વિ.એ.પી.પી.શ્રીએ પુરાવો પુરો થયાની આંક–૯૯ થી પુરશીસ આપી વિશેષ પુરાવો રજુ કરવા માગતા ન હોવાનુ જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ સદર કામે આરોપી વિરૂદ્ધ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(૫) ત્યાર બાદ ફરિયાદપક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો તથા આરોપી નંબર–૧ તરફે વિદ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૬) ઉપરોક્ત હકિકતો તેમજ રજુ થયેલ પુરાવો તથા કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તારીખ ૦૩/૦૮/૨૦૧૮ના રોજ કલાક ૦૭/૦૦ ના રોજ આ કામના ફરીયાદીની અમદાવાદ ખાતે આવેલ ઈલેક્ટ્રોનિક્સ શો–રૂમમાંથી હીટાચી કંપનીના ૧.૫ ટનના ૩ સ્ટાર ઈન્વર્ટર એ.સી. નંગ–૨ તથા એલ.જી. કંપનીના ૩૨ ઈંચના એલ.ઈ.ડી. ટી.વી. નંગ–૨ તથા વિડિયોકોન કંપનીના રેફ્રીજરેટર નંગ–૨ મળીને કુલ કિ.રૂ.૧,૭૯,૪૦/– નો માલ ફોન પર મંગાવી ફરીયાદીએ ઉપરોક્ત માલની ડિલીવરી આપી દીધેલ હોવા છતાં ફરીયાદીને તેનું પેમેન્ટ નહી આપી ફોન પર ભુંડાબોલી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી, એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે |

| | |
|---|---|
| | ? |
| (૨) | શું હુકમ ? |

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | નકારમાં. |
| (૨) | આખરી હુકમ મુજબ. |

**–:: કારણો ::–**

**<u>મુદ્દા નંબર ૧</u> ::–**

(૮) ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા દ્વારા રેકર્ડ પર તે મુજબનો ગુન્હો શંકા રહિત પુરવાર કરવો જોઇએ. બચાવપક્ષે ઉલટતપાસ દ્વારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવો જોઇએ અને જો કોઇ વિશેષ બચાવ પોતાનો હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો જોઇએ. જો આવા કોઇ વિશેષ પુરાવામાં બચાવપક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે તેવુ માની શકાય નહી. પરંતુ સૌપ્રથમ ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ શંકા રહિતનો પુરાવો રજુ કરવો જોઇએ તેવુ કાયદાનું ધોરણ છે.

(૮.૧) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૪૦ વાળા આરોપી રમેશ કરશનભાઇ પઢીયારની અટક અંગેના પંચનામાનાં પંચ સાહેદ છેણાભાઇ મચ્છાભાઇ વરૂને આંક–૩૯ થી તથા પંચ સાહેદ હુશેન ઇબ્રાહીમ નાંધીયાને આંક–૬૦ થી તપાસવામાં આવેલ છે. જેઓ પંચનામામાં પોતાની સહી હોવાની હકિકત જણાવે છે. એ સિવાય પંચનામાની કોઇ હકિકતને સમર્થન કરતા ન હોઇ હોસ્ટાઇલ જાહેર કરવામાં

આવેલ છે. વિદ્વાન એપીપીશ્રી દ્વારા ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકિકત જણાવેલ નથી. જેથી આંક–૪૦ વાળુ પંચનામું પુરવાર થતુ નથી.

**(૮.૨)** ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૪૨ વાળા રીકવરી પંચનામાનાં પંચ સાહેદ નુરેઈલાહી જુસબ બુચડને આંક–૪૧ થી તથા પંચ સાહેદ રજાક ઈબ્રાહીમ નાંધીયાને આંક–૬૧ થી તપાસવામાં આવેલ છે. જેઓ પંચનામામાં પોતાની સહી હોવાની હકિકત જણાવે છે. એ સિવાય પંચનામાની કોઇ હકિકતને સમર્થન કરતા ન હોઇ હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. વિદ્વાન એપીપીશ્રી દ્વારા ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકિકત જણાવેલ નથી. જેથી આંક–૪૨ વાળુ પંચનામું પુરવાર થતુ નથી.

**(૮.૩)** ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૪૬ વાળા મુદ્દામાલ રીકવરી પંચનામાનાં પંચ ઈસાહેદ સ્માઇલ ફારૂક રારાણીને આંક–૪૫ થી તથા પંચ સાહેદ રજાક ઈબ્રાહીમ નાંધીયાને આંક–૬૨ થી તપાસવામાં આવેલ છે. જેઓ પંચનામામાં પોતાની સહી હોવાની હકિકત જણાવે છે. એ સિવાય પંચનામાની કોઇ હકિકતને સમર્થન કરતા ન હોઇ હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. વિદ્વાન એપીપીશ્રી દ્વારા ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકિકત જણાવેલ નથી. જેથી આંક–૪૬ વાળુ પંચનામું પુરવાર થતુ નથી.

**(૮.૪)** ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૭૧ વાળા આરોપી મજીદ સીદીક કમોરાની અટક અંગેના પંચનામાનાં પંચ સાહેદ હાસમભાઇ મહમદઆરીફ સેડાતને આંક–૭૦ થી તથા મહેશભાઇ દેવાભાઇ વકાતરને આંક–૭૮ થી તપાસવામાં આવેલ છે. જેઓ પંચનામામાં પોતાની સહી હોવાની હકિકત જણાવે છે. એ સિવાય

પંચનામાની કોઇ હકિકતને સમર્થન કરતા ન હોઇ હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. વિદ્વાન એપીપીશ્રી દ્વારા ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકિકત જણાવેલ નથી. જેથી આંક–૭૧ વાળુ પંચનામું પુરવાર થતુ નથી.

(૮.૫) ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૭૩ વાળા મુદ્દામાલ રીક્વરી પંચનામાનાં પંચ સાહેદ વીનુભાઇ મનજીભાઇ સોલંકીને આંક–૭૨ થી તથા બાબુભાઇ વીરજીભાઇ કાસુન્દ્રાને આંક–૭૪ થી તપાસવામાં આવેલ છે જેઓ પંચનામામાં પોતાની સહી હોવાની હકિકત જણાવે છે. એ સિવાય પંચનામાની કોઇ હકિકતને સમર્થન કરતા ન હોઇ હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. વિદ્વાન એપીપીશ્રી દ્વારા ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકિકત જણાવેલ નથી. જેથી આંક–૭૩ વાળુ પંચનામું પુરવાર થતુ નથી.

(૮.૬) ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૮૭ થી તપાસ કરનાર અમલદાર ધનુભા ચનુભા જાડેજાનાઓને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ જોડીયા પો.સ્ટે.માં તા.૦૯/૦૮/૨૦૧૮ માં એ.એસ.આઇ. તરીકે તેઓની ફરજ બજાવતા હતા તે દરમ્યાન તેઓએ ગુના રજી.નં.૧૫/૨૦૧૮ના ઇ.પી.કો. ક. ૪૦૬, ૪૨૦, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ફરીયાદના અનુસંધાને તેઓએ સાહેદ મજીદ સીદીકનું તા.૦૯/૦૮/૨૦૧૮ના રોજ નિવેદન લીધેલ અને ત્યારબાદ સદર કામની તપાસ પો.સબ. ઇન્સ. પી.એ.પરમારનાઓએ કરેલ. તેઓએ સદર કામમાં લાગતા વળગતા સાહેદોના નિવદનો લીધેલા અને બનાવવાળી જગ્યાનું પંચનામું, રીક્વરી પંચનામું, આરોપીઓને અટક કરેલ અને આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ. તેઓને જુબાની દરમ્યાન આંક–૪૦ તથા આંક–૪૨ વાળા પંચનામા બતાવતા પંચોની તથા

પી.એસ.આઇ. પી.એ.પરમારની સહીઓ ઓળખી બતાવે છે. આરોપીઓને જોયે ઓળખતા હોવાનું જણાવી આરોપી નંબર–૧ને ઓળખી બતાવે છે.

સદર સાહેદે ઉલટતપાસમાં પુછવામાં આવેલ તમામ હકિકતનો ઇન્કાર કરેલ છે.

**(૮.૭)** ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૯૬ થી ફરીયાદી બંટીભાઇ કનૈયાલાલ સંગતાનીનાઓને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૧૮માં અંબીકા ડીસ્ટ્રીબ્યુટર તરીકે તેઓની માલીકીનો ઇલેક્ટ્રીક શોરૂમ ધરાવતા હતા ત્યારે તેઓના મોબાઇલ નંબર ૭૬૦૦૮૮૮૭૧૯ પર એક અજાણ્યા વ્યક્તિનો ફોન આવેલ અને તેઓને જણાવેલ કે પીઠડ ગામે ઇલેક્ટ્રીક્સની દુકાન છે અને ઇલેક્ટ્રીક્સ વસ્તુઓ લેવી છે. જેથી તેની સાથે તેઓને વોટ્સએપ પર વસ્તુઓ કન્ફર્મ થયેલ અને આ ફોન નંબર ઉપરથી  હીટાચી કંપનીના ૧.૫ ટનના ત્રણ સ્ટાર ઇન્વર્ટર એ.સી. નંગ–૨ તથા એલ.જી. કંપનીના ૩૨ ઇંચના એલ.ઇ.ડી. ટી.વી. નંગ–૨ તથા વિડિયોકોન કંપનીના રેફ્રીજરેટર નંગ–૨ મળીને કુલ કિ.રૂ.૧,૭૯,૪૦/– ની ઇલેક્ટ્રીક્સ વસ્તુઓનો ઓર્ડર આપેલ અને ઉપરના ફોનથી વાત થયેલ કે આ ઉપરોક્ત વસ્તુઓની ડિલીવરી થઇ જાય એટલે આર.ટી.જી.એસ. દ્વારા બીલનું પેમેન્ટ કરી આપીશ તેવુ આ કામનાં અજાણ્યા ઇસમે તેઓને જણાવેલ ત્યારબાદ તેઓએ તેઓની વસ્તુઓ મોકલેલ અને અજાણ્યા વ્યક્તિએ પેમેન્ટ કરેલ નહી. જેથી તેના વિરૂદ્ધ તેઓએ જોડીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ જે ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ સદર સાહેદને વિદ્વાન એપીપીશ્રી દ્વારા ફરીયાદ હકિકતને સમર્થન કરતા ન હોઇ હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. વિદ્વાન એપીપીશ્રી દ્વારા ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકિકત જણાવેલ નથી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, આ અજાણ્યો ઇસમ કોણ હતો તે તેઓ જોયેથી ઓળખી શકે નહી, આ અજાણ્યા ઇસમની મામલતદાર રૂબરૂ ઓળખ પરેડ કરાવેલ હોવાનું બનેલ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન:</u>**

**(૦૯)** ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી વિરૂદ્ધ જે આક્ષેપ છે તે બાબતે કાયદાકિય જોગવાઇ જોવામાં આવે તો,

**ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૬ – ગુનાહિત વિશ્વાસઘાત માટેની શિક્ષાઃ–**

જે કોઇ વ્યક્તિ, ગુનાહિત વિશ્વાસઘાત કરે તેને ત્રણ વર્ષની મુદ્દત સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

ઉપરોક્ત ગુના માટે ગુનાહિત વિશ્વાસઘાત અંગેની જોગવાઇ જોવી જરૂરી છે જે નીચે મુજબ છે–

**ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૫ – ગુનાહિત વિશ્વાસઘાતઃ–**

જે કોઇ વ્યક્તિને, પોતાને કોઇપણ રીતે કોઇ મિલકત અથવા મિલકત ઉપરનો કોઇ અધિકાર સોંપાયેલો હોય, અને મિલકતનો દુર્વિનિયોગ કરે અથવા તેને પોતાના ઉપયોગમાં લઇ લે અથવા એવા ટ્રસ્ટનો અમલ કરવાની રીતે દર્શાવતા કાયદાના આદેશનું અથવા એવા ટ્રસ્ટને સ્પર્શતા પોતે કરેલા કાયદેસરના કોઇ સ્પષ્ટ કે ગર્ભિત કરારના આદેશનો ભંગ કરીને, તે મિલકતનો બદદાનતથી દુર્વિનિયોગ કરે અથવા તેને પોતાના ઉપયોગમાં લઇ લે અથવા જાણી જોઇને બીજી વ્યક્તિને તેમ કરવા દે તો તે ગુનાહિત વિશ્વાસઘાત કરે છે.

સ્પષ્ટીકરણ ૧ઃ– માલિક હોય તે વ્યક્તિ તે સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદાથી સ્થપાયેલા પ્રોવિડંડ ફંડ અથવા કુટુંબ પેન્શન ફંડમાં જમા કરવા માટે કામદારને ચુકવવાના વેતનમાંથી કામદારને ફાળો કાપી લે, ત્યારે તેણે તેવી રીતે કાપી લીધેલી રકમ પોતાને સોંપવામાં આવી છે એમ ગણાશે અને સદરહુ કાયદાનું ઉલ્લંઘન કરીને તે આવી ફાળાની રકમ ભરવામાં કસૂર કરે તો તેણે ઉપર્યુક્ત કાયદાના આદેશનું ઉલ્લંઘન કરીને સદરહુ ફાળાની રકમ બદદાનતપૂર્વક વાપરી હોવાનું ગણાશે.

સ્પષ્ટીકરણ ૨ઃ– માલિક હોય તે વ્યક્તિ 'કામદાર રાજ્ય વીમા અધિનિયમ ૧૯૪૮' હેઠળ સ્થપાયેલ કામદાર રાજ્ય વીમા કોર્પોરેશનને ધરાવેલ અને તેના દ્વારા વહિવટ થયો હોય તેવા કામદાર રાજ્ય વીમા ફંડમાં જમા કરવા માટે કામદારને ચૂકવવાના વેતનમાંથી કામદારનો ફાળો કાપી લે ત્યારે તેણે તેવી રીતે કાપી લીધેલી રકમ પોતાને સોંપવામાં આવી છે એમ ગણાશે અને સદરહુ અધિનિયમનું ઉલ્લંઘન કરી તે સદરહુ આવી ફાળાની રકમ ફંડમાં ભરવામાં કસૂર કરે તો તેણે ઉપર્યુક્ત કાયદાના આદેશનું ઉલ્લંઘન કરી સદરહુ ફાળાની રકમ બદદાનતપૂર્વક વાપરી હોવાનું ગણાશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૦ – ઠગાઇ કરવા અને બદદાનતથી મિલકત આપી દેવા માટે લલચાવવા બાબતઃ–**

જે કોઇ વ્યક્તિ, ઠગાઇ કરે અને તેમ કરીને કોઇને મિલકત આપી દેવા અથવા કોઇ કિંમતી જામીનગીરી અથવા સહી કે સિક્કો કરેલી અને કિંમતી જામીનગીરીમાં ફેરવી શકાય તેવી કોઇ વસ્તુ પુરેપુરી અથવા આંશિક કરી આપવા, તેમાં ફેરફાર કરવા અથવા તેનો નાશ કરવા માટે છેતરાયેલી વ્યક્તિને બદદાનતથી લલચાવે તેને સાત વર્ષની મુદ્દત સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

ઉપરોક્ત ગુના માટે ઠગાઇ અંગેની જોગવાઇ જોવી જરૂરી છે જે નીચે મુજબ છે

**ભારતીય દંડ સંહિતાની કલમ ૪૧૫ – ઠગાઇઃ–**

જે કોઇ વ્યક્તિ, કોઇ બીજી વ્યક્તિને છેતરીને, તેને કોઇને કંઇ મિલકત આપી દેવા અથવા કંઇ મિલકત કોઇ પાસે રહેવા દેવાની સંમતિ આપવા કપટપૂર્વક અથવા બદદાનતથી લલચાવે અથવા તે બીજી કોઇ વ્યક્તિને છેતરાઇ ન હોય, અને જે ન કરત તે કરવા અથવા જે કરત તે ન કરવા, ઈરાદાપૂર્વક લલચાવે અને જો એવા કૃત્ય અથવા કાર્યલોપથી તે બીજી કોઇ વ્યક્તિના, શરીર, મન, પ્રતિષ્ઠા કે મિલકતને નુકશાન અથવા હાનિ થાય અથવા થવાનો સંબવ હોય તો તેને 'ઠગાઇ' કરી કહેવાય.

સ્પષ્ટીકરણઃ– બદદાનતથી હકિકત છુપાવવી તે પણ આ કલમના અર્થમાં છેતરપિંડી છે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪ – સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદાપૂર્વક અપમાન કરવા બાબત :–**

ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યક્તિ જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુનો કરી બેસે એવા ઈરાદાથી અથવા કોઈ વ્યક્તિ જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુનો કરી બેસશે એવો સંભવ હોવાનું જાણવા છતાં, જે કોઈ વ્યક્તિ, ઈરાદાપૂર્વક બીજી કોઈ વ્યક્તિનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે, તેને બે વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬:– ગુનાહિત ધમકી માટેની શિક્ષા :–**

જે કોઈ વ્યક્તિ, ગુનાહિત ધમકી આપે તેને બે વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગેરેની કરવાની હોય તો

અને જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા મોતની આજીવન કેદની અથવા સાત વર્ષની મુદત સુધીની કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની હોય અથવા કોઈ સ્ત્રી ઉપર ચારિત્ર્યહિનતાનું આળ મૂકવાનું હોય, તો તેને સાત વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૧૧૪ - ગુનો કરવામાં આવે ત્યારે દુષ્પ્રેરકની હાજરીઃ-**

પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરણાના પરિણામે થયેલા જે કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઇ વ્યક્તિ શિક્ષાને પાત્ર થાય એવુ કૃત્ય, પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે એમ ગણાશે.

**(૧૦)** હવે ફરિયાદપક્ષે રજૂ થયેલ તમામ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરીયાદપક્ષ દ્વારા આંક–૪૦ વાળા અટક પંચનામાના પંચ સાહેદો તથા આંક–૪૨ વાળા રીકવરી પંચનામાના પંચ સાહેદો તથા આંક–૪૬ વાળા રીકવરી પંચનામાના પંચ સાહેદો તથા આંક–૭૧ વાળા અટક પંચનામાના પંચ સાહેદો તથા આંક–૭૩ વાળા રીકવરી પંચનામાના પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે. જે તમામ પંચ સાહેદો દ્વારા પંચનામામાં પોતાની સહીઓ સિવાયની પંચનામાની કોઇ હકિકતોને સમર્થન આપેલ નથી. જેથી તે તમામ પંચનામાની હકિકત સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

ત્યારબાદ આ કામે આંક–૮૭ થી ત.ક.અ. ધનુભા ચનુભા જાડેજાનાઓને તપાસેલ છે તેઓએ ફક્ત સાહેદ મજીદ સીદીકનું નિવેદન લીધેલ હોવાનું જણાવેલ છે એ સિવાયની તેઓએ તપાસની કોઇ કાર્યવાહી કેલ નથી. જેમાં પણ સાહેદ મજીદ સીદીક જણાવેલ છે તે આ કામે મરણ ગયેલ આરોપી નંબર–૨ છે. તેથી સદર સાહેદ દ્વારા સદર કામની તપાસ અંગેની કોઇ કાર્યવાહી કરેલ હોવાનું જણાઇ આવતુ નથી. જેથી સદર સાહેદની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન મળતુ નથી.

ત્યારબાદ આ કામે આંક–૯૬ થી ફરીયાદી બંટીભાઇ કનૈયાલાલ સંગતાનીનાઓને તપાસેલ છે. તેઓના પુરાવામાં તેઓ સાથે એક અજાણ્યા ઇસમે ફરીયાદમાં જણાવેલ કૃત્ય કરેલ હોવાનું જણાવે છે. તેઓ દ્વારા ફરીયાદની હકિકતને સમર્થન આપવામાં આવેલ ન હોય વિદ્વાન એપીપીશ્રી દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને તેમાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઇ હકિકત જણાવેલ નથી. પોતાની ઉલટતપાસમાં પણ તેઓ આ અજાણ્યા ઇસમને ઓળખી ન શકે તે હકિકત સ્વિકારેલ છે અને મામલતદાર રૂબરૂ કોઇ ઓળખ પરેડ ન કરાવેલ હોવાની હકિકત સ્વિકારેલ છે.

સદર કામે ખુદ ફરીયાદી દ્વારા જ પોતાની ફરીયાદને સમર્થન આપેલ નથી કે આ કામે અન્ય કોઇ સાહેદોને તપાસવામાં આવેલ નથી. ફરીયાદ તથા ફરીયાદીની જુબાનીમાં વિરોધાભાષ ઉભો થાય છે. પંચ સાહેદો દ્વારા આરોપીઓની અટક અને મુદ્દામાલ રીકવરી અંગેના પંચનામાઓને સમર્થન આપેલ નથી. જેથી આરોપી પાસેથી મુદ્દામાલ રીકવરી અંગેની પણ કોઇ હકિકત સાબીત કરતો પુરાવો મળી આવેલ નથી. હાલના કામના આરોપીની ગુનામાં સંડોવણી બાબતે લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, ફરીયાદપક્ષ પર પોતાનો કેસ સાબિત કરવાની જવાબદારી હોય જે સાબિત કરવામાં ફરીયાદપક્ષ સદંત્તર નિષ્ફળ નિવડેલ હોય આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૧)** આમ, રેકર્ડ પર આવેલ પુરાવા પરથી આરોપી સામેના તહોમતનામા મુજબના ગુનાના આવશ્યક તત્વો પુરવાર થયેલ નથી. ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો સજા અને દંડને પાત્ર ગુન્હો કર્યાની હકિકતને સાબિત કરવામાં સફળ થયેલ ન હોય, મુદ્દા નંબર–૧નો ઉત્તર નકારમાં ઠરાવી મુદ્દા નંબર–૨ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના આરોપી નંબર–૧ રમેશ ઉર્ફે લાંબો કરશનભાઈ પઢીયાર રહે. પીઠડ ગામ, તા.જોડીયા, જી.જામનગરનાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ ઠરાવ સામે અપીલ/રીવીઝન થાય તો તે સમયે આરોપી નંબર–૧ હાજરી સહેલાઈથી મળી રહે તે સારુ આરોપીએ રૂ.૫૦૦૦/–ના જાત જામીન તથા મુચરકા રજુ કરવા તે ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીનખત રદ કરવા.

(૩) આ કામે મુદ્દામાલ પાવતિ નં.૨૧/૧૮ વાળા મોબાઈલ અંગે અગાઉ કરેલ વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવે છે તથા અન્ય મુદ્દામાલ અંગે ફરીયાદી દ્વારા આંક–૯૮ થી પુરશીસ આપી જાહેર કરેલ છે કે તેઓને આ કામે કબ્જે કરેલ મુદ્દામાલ જોઈતો નથી કે તે બાબતે કોઈ વાંધો તકરાર નથી. જેથી સદર કામે મુદ્દામાલ પાવતિ નં.૨૨/૧૮,૨૩/૧૮,૨૬/૧૮ વાળા મુજબના મુદ્દામાલની હરાજી કરી જે રકમ ઉપજે તે સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૧૫ મી, એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : જોડીયા

તારીખ: ૧૫/૦૪/૨૦૨૬.

**(કુ.એમ.એચ.મકવાણા)**
જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
જોડીયા, જિ.જામનગર
GJ01523

બી.કે.બળદા
ગુજ.સ્ટેનો.ગ્રેડ–૩